નવી બાબત વષ-૨૦૨૪-૨૫

આઇસીડીએસ યોજના હેઠળની પ્રાદેશિક (વિભાગીય) કચેરીમાં જુનિયર કલાર્ક વર્ગ-૩ની નવી જગ્યા મંજુર કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2023/1564/B1 Branch

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

૧) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો પત્ર ક્રમાંક: ICDS/0552/11/2023 Dt: 28-11-2023

**આમુખ:**

વંચાણે લીધા પત્ર (૧) થી આઇસીડીએસ યોજના હેઠળની પ્રાદેશિક (વિભાગીય) કચેરી ખાતે જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ની કુલ-૪ જગ્યાઓ ઉભી કરવા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રૂ.૦.૧૬ કરોડની જોગવાઈ કરેલ. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

આઇસીડીએસ યોજના હેઠળની પ્રાદેશિક (વિભાગીય) કચેરીમાં જુનિયર કલાર્ક વર્ગ-૩ની-કુલ- ૦૪ (૧૯૯૦૦-૬૩૨૦૦ પે-લેવલ-૨) પગાર ધોરણની જગ્યાઓની નવી જગ્યા ઉભી કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ની કુલ રૂ. ૦.૧૬ કરોડની બજેટ જોગવાઇમાંથી (૧૦૦% સ્ટેટ બર્ડન) નીચેની શરતોને આધીન ખર્ચ કરવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
8. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વધીંત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે
10. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્ધત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
11. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.'આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૭. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

મુખ્ય સદર : ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર : ૦૨ પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર : ૧૦૧, અન્ય ખર્ચ

પેટાસદર:એન.ટી.આર.(૨૨)મીશન બલમ સુખમ વગેરે (૧૦૦% સ્ટેટ)

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ઈ-ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૦૩/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ

1. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ
6. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
9. શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.06 12:32:00 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign